સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **24**

(06/06/21 to 12/06/21)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો
Google Play

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**06 JUNE-2021**

- દિવસ મહિમા : 6 જૂન, રશિયન ભાષા દિવસ (Russian Language Day) .......... 02
- શ્રી ડેવિડ દિઓપએ વર્ષ 2021નું આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ જીત્યું .......... 02
- સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાને ભારતમાં Sputnik-V રસી બનાવાની મંજૂરી મળી .......... 03
- QUESTION ANSWERS .......... 04

**07 JUNE-2021**

- દિવસ મહિમા : 7 જૂન, વિશ્વ અન્ન સુરક્ષા દિવસ (World Food Safety Day) .......... 05
- State of India's Environment Report-2021 .......... 05
- Performance Grading Index 2019-20 .......... 06
- રાયમોના (Raimona) બન્યું આસામનું છઠુ રાષ્ટ્રીય ઉદ્યાન .......... 06
- QUESTION ANSWERS .......... 08

**08 JUNE-2021**

- દિવસ મહિમા : 8 જૂન, (1) વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day) .......... 09
- માલદીવના શ્રી અબ્દુલા શાહિદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76માં સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટાયા .......... 09
- ઈસરોએ 3 વેન્ટિલેટર વિકસિત કર્યા .......... 10
- ભારતીય નૌકાદળમાં ત્રણ સવદેશી ALH MK-III હેલિકોપ્ટરનો સમાવેશ કર્યો .......... 10
- QUESTION ANSWERS .......... 12

**09 JUNE-2021**

- દિવસ મહિમા : 9 જૂન, વિશ્વ માન્યતા દિવસ (World Accreditation Day) .......... 13
- QS World University Rankings- 2022 .......... 13
- આસામ સરકાર ભારત રત્ન અને પદ્મ પુરસ્કાર જેવા એવોર્ડ પ્રદાન કરશે .......... 14
- શ્રી અનુપચંદ્ર પાંડેની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક .......... 14
- QUESTION ANSWERS .......... 15

**10 JUNE-2021**

- દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન (World Day Against Child Labour) .......... 16
- પ્રસિધ્ધ ન્યુરોલોજીસ્ટ ડો. અશોક પનાગરિયાનું નિધન .......... 16
- સુશ્રી રેબેકા ગ્રિનસ્પેન (Rebeca Grynspan) UNCTADની પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા .......... 17
- ESAએ શુક્ર ગ્રહના અભ્યાસ માટે 'Envision' ઓર્બિટરની ઘોષણા કરી .......... 17
- QUESTION ANSWERS .......... 19

**11 JUNE-2021**

- ચીન-આસિયાન બેઠક .......... 20
- દેહિંગ પટકાઈ (Dehing Patkai) બન્યું આસામનું 7મું રાષ્ટ્રીય ઉદ્યાન .......... 20
- Global House Price Index- 2021 .......... 21
- રેલ્વેને 5 મેગાહર્ટઝ સ્પેક્ટ્રમ ફાળવણીની મંજૂરી આપવામાં આવી .......... 21
- QUESTION ANSWERS .......... 23

**12 JUNE-2021**

- દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન (World Day Against Child Labour) .......... 24
- પ્રસિધ્ધ ન્યુરોલોજીસ્ટ ડો. અશોક પનાગરિયાનું નિધન .......... 24
- સુશ્રી રેબેકા ગ્રિનસ્પેન (Rebeca Grynspan) UNCTADની પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા .......... 24
- ESAએ શુક્ર ગ્રહના અભ્યાસ માટે 'Envision' ઓર્બિટરની ઘોષણા કરી .......... 25
- QUESTION ANSWERS .......... 26

**ONE LINER** .......... 27

**QUESTION OF THIS WEEK** .......... 32


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 6 જૂન, રશિયન ભાષા દિવસ (Russian Language Day)

સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે 6 જૂનના રોજ 'રશિયન ભાષા દિવસ'ની ઉજવણી કરે છે.

- શ્રી એલેકઝાંડર પુષ્કીનના જન્મ દિવસ પર રશિયન ભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી એલેકઝાંડર પુષ્કીન રશિયન કવિ હતા. તેને આધુનિક રશિયન સાહિત્યના પિતા માનવામાં આવે છે.
- 'ઓડ ટૂ લિબર્ટી'તેમની પ્રખ્યાત કવિતા હતી.

### સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઉજવાતા વિવિધ ભાષા દિવસ

| ક્રમ | ભાષા | તારીખ |
|---|---|---|
| 1 | અરબી | 18 ડિસેમ્બર |
| 2 | અંગ્રેજી | 23 એપ્રિલ |
| 3 | ચીની | 20 એપ્રિલ |
| 4 | ફ્રેન્ચ | 20 માર્ચ |
| 5 | રશિયન | 6જૂન |

## શ્રી ડેવિડ દિઓપએ વર્ષ 2021નું આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ જીત્યું

તાજેતરમાં ફ્રેન્ચ લેખક શ્રી ડેવિડ દિઓપ (David Diop)એ 'આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ, 2021' જીત્યું છે. તેઓ આ એવોર્ડ મેળવનાર પ્રથમ ફ્રેન્ચ વ્યક્તિ બન્યા છે.

- તેમનું પુસ્તક 'At Night All Blood is Black' માટે બૂકર પ્રાઈઝ આપવામાં આવ્યું છે.
- આ પુસ્તકનું અંગ્રેજીમાં ભાષાંતર શ્રી અન્ના મોશોચોકિસ દ્વારા કરવામાં આવ્યું છે.
- 'At Night All Blood is Black' એક નવલકથા છે, જેમાં પ્રથમ વિશ્વ યુધ્ધમાં ફ્રાન્સની તરફથી લડનાર સેનેગલના એક સૈનિક અલ્ફા નદિયાયે પર આધારિત છે.
- આ પુસ્તક વર્ષ 2018માં ફ્રેન્ચ અને ત્યારબાદ વર્ષ 2020માં અંગ્રેજીમાં પ્રકાશિત થયું હતું.
- આ પુરસ્કાર અંતર્ગત 50,000 પાઉન્ડ લેખક અને અનુવાદક વચ્ચે વહેંચવામાં આવે છે.

### આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઇઝ

આંતરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ અગાઉ 'મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ' તરીકે ઓળખાતું હતું.

- મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ સૌપ્રથમ વર્ષ 2005માં આપવામાં આવ્યું હતું.
- અન્ય ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી નવલકથાને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વભારના આંતરરાષ્ટ્રીય સાહિત્યના વધુ પ્રકાશન અને વાંચનને પ્રોત્સાહિત કરવાનો અને અનુવાદકોના કાર્યને પ્રોત્સાહન આપવાનો છે.
- આ આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ વર્ષ 2019 સુધી મેન બૂકર આંતરરાષ્ટ્રીય પ્રાઈઝ તરીકે જાણીતો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેન બૂકર પ્રાઇઝ અને આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઇઝ

- વાસ્તવમાં બ્રિટનમાં દર વર્ષે બે 'મેન બૂકર પ્રાઈઝ' એનાયત થાય છે : (1) મેન બૂકર પ્રાઈઝ અને (2) આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ (મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ).
- જેમાંથી અંગ્રેજી ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી શ્રેષ્ઠ મૂળ નવલકથાને 'મેન બૂકર પ્રાઈઝ' થી સન્માનિત કરવામાં આવે છે. જે મેન ગ્રુપ દ્વારા એનાયત થતો બ્રિટનનો ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતો સાહિત્યિક એવોર્ડ છે.
- જ્યારે અન્ય ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી નવલકથાને 'આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ' (મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ)થી સન્માનિત કરવામાં આવે છે.

## સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાને ભારતમાં Sputnik- V રસી બનાવાની મંજૂરી મળી




DGCI (Drugs Controller General of India)એ તાજેતરમાં 'સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા'ને ભારતમાં 'સ્પૂતનિક–વી રસી' બનાવવાની મંજૂરી આપી છે.

- હવે આ રશિયન રસી પૂણેમાં બનાવવામાં આવશે.
- આ કાર્ય માટે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ રશિયાની 'Gamaleya Research Institute of Epidemiology and Microbiology' સાથે સહયોગ કર્યો છે.
- નોંધનીય છે કે Sputnik-Vનું નિર્માણ વર્તમાનમાં ભારતમાં ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- સ્પૂતનિક વી રસી વિવિધ માનવ એડોનોવાયરસનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે તે બે ડોઝમાં અપાતી રસી છે.
- તાજેતરમાં રશિયામાં સ્પૂતનિક વી ની એક ડોઝની રસી બનાવવામાં આવી છે. તેને 'સ્પૂતનિક લાઈટ સિંગલ ડોઝ' કહેવામાં આવે છે.
- આ રસીની અસરકારકતા 91% છે.

નોંધ : (1) સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એ એક ભારતીય બાયો ટેક્નોલોજી અને બાયો ફર્માસ્ટીકલ કંપની છે. તે પૂણે ખાતે સ્થિત છે.

(2) તેની સ્થાપના વર્ષ 1966માં શ્રી સાયરસ પૂનાવાલા દ્વારા કરવામાં આવી હતી.

(3) તેના વર્તમાન CEO શ્રી આદર પૂનાવાલા છે.

APPLICATION ICE CLICKS ડાઉનલોડ કરો Google Play
Discount 50% રૂ. 2500/- માં 3 મહિના
GET DISCOUNT ENTER PROMO CODE big50
સિનિયર કલાર્ક & A.T.D.O

1. કયા દિવસે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'રશિયન ભાષા દિવસ'ની ઉજવણી કરે છે ?

(A) 5 જૂન (B) 6 જૂન (C) 7 જૂન (D) 8 જૂન **(B)**

2. વર્ષ 2021નું આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ કોણે જીત્યું છે ?

(A) શ્રી ડેવિડ દિઓપ (B) શ્રી નિકોલસ મેકલે

(C) શ્રી ગોર્ડન વિલિયમ્સ (D) શ્રી વિલિયમ ટ્રેવર **(A)**

3. વર્ષ 2021નું આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ શ્રી ડેવિડ દિઓપને તેની કઈ બૂક માટે એનાયત થયું છે ?

(A) The Children of Dynmouth (B) A Five Year Sentence

(C) Silence Among the Weapons (D) At Night all Blood is Black **(D)**

4. આંતરરાષ્ટ્રીય બૂકર પ્રાઈઝ વર્ષ 2019 પહેલા કયા નામે ઓળખાતું હતું ?

(A) બ્રિટન બૂકર પ્રાઈઝ (B) આયર્લેન્ડ બૂકર પ્રાઈઝ

(C) મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ (D) બ્રિટન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ **(C)**

5. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાને ભારતમાં ________ રસી બનાવવાની મંજૂરી મળી છે.

(A) COVISHILD (B) COVAXIN

(C) Sputnik-V (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

6. Sputnik-V રસી કયા દેશની COVID-19 રસી છે ?

(A) બ્રિટન (B) રશિયા (C) અમેરિકા (D) ચીન **(B)**

7. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કયા સ્થળે આવેલી છે ?

(A) પૂણે (B) નાગપૂર (C) થાણે (D) દિલ્હી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 7 જૂન, વિશ્વ અન્ન સુરક્ષા દિવસ (World Food Safety Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 7 જૂનના રોજ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં ફૂડ સેફટી અંગે જાગૃતિ ફેલાવવાનો છે. જેથી અન્નજન્ય રોગોને કારણે થતાં મૃત્યુ ઘટાડી શકાય.
- વર્ષ 2019માં પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર તથા અન્ન અને કૃષિ સંસ્થા (Food and Agriculture Organisation-FAO) દ્વારા ડિસેમ્બર 2018માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2021ના 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની થીમ 'Safe Food Today for a Healthy Tomorrow' છે.

નોંધ : (1) વર્ષ 2020માં 'વર્લ્ડ ફૂડ સેફટી દિવસ'ની થીમ 'Food Safety, Everyone's Business' હતી.

(2) વિશ્વ અન્ન સુરક્ષા દિવસ 7 જૂનના રોજ ઉજવાય છે જ્યારે 'વિશ્વ અન્ન દિવસ' (World Food Day)ની ઉજવણી દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ કરવામાં આવે છે.

## State of India's Environment Report-2021



'ભારતની પર્યાવરણ સ્થિતિ અહેવાલ, 2021' (State OF India Environment Report, 2021) અનુસાર 17 ટકાઉ વિકાસ લક્ષ્યો પર 2020ની રેન્કિંગની તુલનામાં ભારતનો ક્રમ બે સ્થાન ઘટીને 117 પર પહોંચી ગયો છે.

- વર્ષ 2015માં સંયુક્ત રાષ્ટ્રના 193 સભ્ય દેશ દ્વારા 2030ના એજન્ડાના ભાગરૂપે ટકાઉ વિકાસ લક્ષ્યો અપનાવવામાં આવ્યા હતા.
- વર્ષ 2020માં ભારતનો રેન્ક 115મો હતો.
- આ વર્ષે SDG2, SDG5, SDG9 થી સંબંધિત મોટા પડકારોને કારણે બે સ્થાન નીચે ગયો છે. એટલે કે 115માંથી 117મો ક્રમ થયો છે.
- ભારતે 100માંથી 61.9નો સમગ્ર SDG સ્કોર પ્રાપ્ત કર્યો છે.
- આ રિપોર્ટ મુજબ ઝારખંડ અને બિહાર 2030 સુધીમાં ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવા માટે ઓછામાં ઓછા તૈયાર છે.
- રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શ્રેષ્ઠ એકંદર સ્કોર સાથે કેરળ, હિમાચલ પ્રદેશ અને ચંદીગઢ ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવાના માર્ગ પર છે.

નોંધ : ટકાઉ વિકાસ માટે 2030 એજન્ડાને વર્ષ 2015માં યુ.એનના તમામ સભ્યો દેશ દ્વારા અપનાવવામાં આવ્યો હતો. તે લોકોના વર્તમાન અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને શાંતિ અને સમૃદ્ધિ માટે સામાન્ય બ્લુપ્રિન્ટ પ્રદાન કરે છે.

## Performance Grading Index 2019-20

શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરીયલ નિશાંકે 'પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ' (PGI), 2019-20ના પ્રકાશનને મંજૂરી આપી છે.

- શિક્ષણમાં પરિવર્તનનું મૂલ્યાંકન અને ઉત્પ્રેરક કરવા માટે 'પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ' 70 પરિમાણોને આધારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગ્રેડિંગ પ્રદાન કરે છે.
- પાંચ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો એટલે કે ચંદિગઢ, પંજાબ, તમિલનાડુ, અંદમાન અને નિકોબાર ટાપુ તથા કેરળએ 2019-20 માટે સૌથી વધુ ગ્રેડ (A++) મેળવ્યો છે.
- પાછલા વર્ષની તુલનામાં મોટાભાગના રાજ્યોના અહેવાલોમાં સુધારો થયો છે.
- આ વર્ષે 5 રાજ્યોએ 901-950નું લેવલ-2ના સ્કોર મેળવ્યો છે જે ગ્રેડ A અથવા 1++ છે.
- લદાખને પ્રથમ વખત ગ્રેડ આપવામાં આવ્યો છે. અને તેને ગ્રેડ સાતમાં મુકવામાં આવ્યો છે.
- મેઘાલયે 601-650નો સ્કોર મેળવ્યો છે જેને ગ્રેડ 6માં સમાવેશ થયો છે.
- અંદમાન નિકોબાર ટાપુ, પંજાબ અને અરૂણાચલ પ્રદેશે તેમના ગ્રેડિંગમાં 20%નો સુધારો કર્યો છે.
- કર્ણાટક અને દિલ્હી સહિત 10 રાજ્યોએ તેમના સ્કોરમાં 5% થી 10%નો સુધારો કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાયમોના (Raimona) બન્યું આસામનું છઠ્ઠુ રાષ્ટ્રીય ઉદ્યાન

5 જૂન 2021ના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે આસામના મુખ્યમંત્રી શ્રી હિંમત બિસ્વા સરમાએ કોકરાઝાર જિલ્લામાં રાયમોના (Raimona) રિઝર્વ ફોરેસ્ટને આસામના છટ્ઠા રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે ઘોષિત કર્યુ છે.

- આ જંગલ (ફોરેસ્ટ) બોડોલેન્ડ પ્રાદેશિક ક્ષેત્ર (Bodoland Territorial Region-BTR) હેઠળ આવે છે.

### રાયમોના રાષ્ટ્રીય ઉદ્યાન

રાયમોના રાષ્ટ્રીય ઉદ્યાન (Raimona National Park) આસામનું છઠ્ઠુ રાષ્ટ્રીય ઉદ્યાન છે.



- આ રાષ્ટ્રીય ઉદ્યાન આસામના કોકરાઝાર જિલ્લામાં ભુટાનની સરહદે બોડોલેન્ડ પ્રાદેશિક ક્ષેત્ર (BTR) હેઠળ આવે છે.
- આ નેશનલ પાર્ક આશરે 422 ચોરસ કિલોમિટરના વિસ્તારમાં ફેલાયેલો છે.
- આ રાષ્ટ્રીય ઉદ્યાન આસામના સુસંગત જંગલોનો એક ભાગ છે.
- અહીં એશિયન હાથી, વાઘ, સોનેરી લંગુર, દીપડા, જંગલી ભેંસ, ટપકાવાળુ હરણ, ભારતીય ગૌર, પક્ષીઓની 170 પ્રજાતિઓ, પતંગિયાની 150 જાતિઓ અને 380 જાતિના છોડ જેવું વન્ય જીવન જોવા મળે છે.

## રાષ્ટ્રીય ઉદ્યાન (National Park)

ભારત સરકારના પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલયના જણાવ્યા અનુસાર રાષ્ટ્રીય ઉદ્યાન એક સંરક્ષિત ક્ષેત્ર છે. જેને સંબંધિત રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણીય, પશુ–પક્ષી, વનસ્પતિ, ભૂમિના સંરક્ષણ અને પ્રસારના હેતું માટે રાજ્ય સરકાર દ્વારા સુરક્ષિત કરવામાં આવે છે.

## આસામમાં આવેલ અન્ય રાષ્ટ્રીય ઉદ્યાનો

| ક્રમ | રાષ્ટ્રીય ઉદ્યાન |
|---|---|
| 1 | રાજીવ ગાંધી ઓરંગ રાષ્ટ્રીય ઉદ્યાન |
| 2 | કાઝી રંગા રાષ્ટ્રીય ઉદ્યાન |
| 3 | માનસ રાષ્ટ્રીય ઉદ્યાન |
| 4 | દિબ્રુ–સૈખોવા રાષ્ટ્રીય ઉદ્યાન |
| 5 | નામેરી રાષ્ટ્રીય ઉદ્યાન |

- ભારતમાં વર્ષ 1972માં વન્યજીવન અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો જેના અંતર્ગત રાજ્ય સરકારને રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવાની સત્તા આપવામાં આવે છે.
- ભારતીય વન્યજીવન બોર્ડના અધ્યક્ષ પ્રધાનમંત્રી હોય છે.
- ભારતનું પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન ‘જીમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન’ છે. જે ઉત્તરાખંડમાં આવેલ છે.
- તેની સ્થાપના વર્ષ 1935માં ‘હેલી રાષ્ટ્રીય ઉદ્યાન’ નામથી કરવામાં આવી હતી.
- ભારતનું સૌથી મોટું રાષ્ટ્રીય ઉદ્યાન જમ્મુ–કાશ્મીરમાં આવેલ ‘હેમિસ રાષ્ટ્રીય ઉદ્યાન’ છે.
- ભારતનું સૌથી નાનું રાષ્ટ્રીય ઉદ્યાન અંદમાન–નિકોબાર ટાપુ પર આવેલ ‘સાઉથ બટન’ છે.




1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસે 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 જૂન (B) 6 જૂન (C) 7 જૂન (D) 8 જૂન (C)

2. સૌપ્રથમ કયા વર્ષે 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 2019 (B) 2018 (C) 2017 (D) 2016 (A)

3. State of India's Environment Report-2021 માં ભારતનો ક્રમ 115થી ઘટીને ______ થયો છે.

(A) 117 (B) 118 (C) 119 (D) 120 (A)

4. 'State of India's Environment Report-2021' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ સંદર્ભે વર્ષ 2015માં સંયુક્ત રાષ્ટ્રના 193 સભ્ય દેશ દ્વારા 2030ના એજન્ડાના ભાગરૂપે ટકાઉ વિકાસ લક્ષ્યો અપનાવવામાં આવ્યા હતા.

2. આ રિપોર્ટ અનુસાર 17 ટકાઉ વિકાસ લક્ષ્યો પર 2020ની રેન્કિંગની તુલનામાં ભારતનો ક્રમ બે સ્થાન ઘટીને 117 પર પહોંચી ગયો છે.

3. આ રિપોર્ટ અનુસાર ભારતે 100માંથી 61.69 સાથે સમગ્ર SDGનો સ્કોર પ્રાપ્ત કર્યો છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. Performance Grading Index 2019-20 ના પ્રકાશનને તાજેતરમાં કોણે મંજૂરી આપી છે ?

(A) શ્રી રાજનાથ સિંહ (B) શ્રી રમેશ પોઅરિયલ નિશાંક

(C) શ્રી અમિત શાહ (D) સુશ્રી નિર્મલા સિતારામન (B)

6. રાયમોના રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) આસામ (B) ઝારખંડ (C) છત્તીસગઢ (D) કેરળ (A)

7. તાજેતરમાં રાયમોના રાષ્ટ્રીય ઉદ્યાન આસામ રાજ્યનું કેટલામું રાષ્ટ્રીય ઉદ્યાન બન્યું છે ?

(A) ત્રીજુ (B) ચોથુ (C) પાંચમું (D) છઠ્ઠુ (D)

8. ભારતમાં કયા વર્ષે વન્યજીવ અધિનિયમ પસાર કરવામાં આવ્યો હતો ?

(A) 1968 (B) 1972 (C) 1979 (D) 1982 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 8 જૂન, (1) વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day)

### વિશ્વ સમુદ્ર દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 જૂનના રોજ 'વિશ્વ સમુદ્ર દિવસ' અથવા તો 'વિશ્વ મહાસાગર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ જીવનમાં મહાસાગરોના મહત્ત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2009 થી થયો હતો.
- વર્ષ 2021ની 'વિશ્વ સમુદ્ર દિવસ'ની થીમ 'The Ocean : Life & Livelihoods' છે.

## માલદીવના શ્રી અબ્દુલા શાહિદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76માં સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટાયા

તાજેતરમાં માલદીવના વિદેશી મંત્રી શ્રી અબ્દુલા શાહિદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UN General Assembly) ના 76માં સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.

- તેમણે 193 સદસ્યની મહાસભામાં કુલ 191 મતોમાંથી 143 મત મેળવ્યા હતા.
- હવે તે સપ્ટેમ્બરમાં શરૂ થનાર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76માં સત્રની અધ્યક્ષતા કરશે.
- તેમણે અફઘાનિસ્તાનના પૂર્વ વિદેશી મંત્રી શ્રી જલમઈ રસૂલને હરાવ્યા હતા.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષની ચૂંટણી દર વર્ષે વિવિધ પ્રાદેશિક જૂથોમાં પરિભ્રમણ આધારે કરવામાં આવે છે.
- નિયમો અનુસાર 76મી મહાસભાના અધ્યક્ષની પંસદગી એશિયા–પેસિફિક દેશોના જૂથમાંથી થવાની હતી.
- શ્રી અબ્દુલા શાહિદ તુર્કીના શ્રી વોલ્કન બોઝ કીર (Volkan Bozkir)ની જગ્યા લેશે.

### સંયુક્તરાષ્ટ્ર મહાસભા

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સંયુક્ત રાષ્ટ્રના 6 અંગોમાંનું મહત્વપૂર્ણ અંગ છે.

- તે સંયુક્ત રાષ્ટ્રના વિચાર–વિમર્શ, નીતિ નિર્માણ, જેવા કાર્યો માટે જવાબદાર છે.
- મહાસભામાં સંયુક્તરાષ્ટ્રના તમામ 193 સભ્ય દેશનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે.
- દર વર્ષે સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્યોની વાર્ષિક દર મહાસભાનું આયોજન ન્યૂયોર્કની જનરલ એસેમ્બલીમાં થાય છે. અને તેમાં સામન્ય ચર્ચા થાય છે.
- શાંતી અને સલામતી, નવા સભ્યોના પ્રવેશ અને બજેટ બાબતો જેવા મહત્વના પ્રશ્નો પર નિર્ણય લેવા માટે મહાસભામાં બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે.
- જ્યારે અન્ય પ્રશ્નો અંગેના નિર્ણય સાદી બહુમતી દ્વારા લેવામાં આવે છે.
- મહાસભાના અધ્યક્ષની પંસદગી દર વર્ષે મહાસભા દ્વારા 1 વર્ષની મુદ્દત માટે કરવામાં આવે છે.

## સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય છ અંગો

- સુરક્ષા પરિષદ
- આંતરરાષ્ટ્રીય ન્યાયાલય
- સામાન્ય સભા
- સચિવાલય
- આર્થિક અને સામાજિક પરિષદ
- ટ્રસ્ટીશીપ કાઉન્સિલ

## ઈસરોએ 3 વેન્ટિલેટર વિકસિત કર્યા

તાજેતરમાં ઈસરો (ISRO)ના વિક્રમભાઈ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC)એ ત્રણ પ્રકારના વેન્ટિલેટર અને એક ઓક્સિજન કન્સ્ટ્રેટર વિકસિત કર્યુ છે.

- આ ત્રણ વેન્ટિલેટરનું નામ પ્રાણ, વાયુ અને સ્વસ્થ રાખવામાં આવ્યું છે. જ્યારે ઓક્સિજન કન્સ્ટ્રેટરનું નામ 'શ્વાસ' (Shwaas) રાખવામાં આવ્યું છે.
- આ ત્રણેય ટચ–સ્ક્રીન વિશિષ્ટતાઓ સાથે સંપૂર્ણ સ્વચાલિત છે. તથા તે સલામતીના તમામ ધોરણોને પુરા કરે છે.

### પ્રાણ વેન્ટિલેટર

- પ્રાણ વેન્ટિલેટર Ambu Bag સ્વચાલિત કમ્પ્રેશન દ્વારા દર્દીને ઓક્સિજન પહોંચાડશે.

### સ્વસ્થ વેન્ટિલેટર

- સ્વસ્થ વેન્ટિલેટર વિજળી વિના કાર્ય કરશે.

### વાયુ વેન્ટિલેટર

- હાલમાં ઉપયોગમાં લેવાતા હાઈ–એન્ડ વેન્ટિલેટરની તુલનામાં ઓછી કિમતવાળું વેન્ટિલેટર છે.

### શ્વાસ કન્સ્ટ્રેટર

- શ્વાસ કન્સ્ટ્રેટર દર મિનિટે 10 લિટર શુધ્ધ ઓક્સિજન પૂરું પાડવામાં સક્ષમ છે. અને તે એક સમયે બે દર્દીને ઉપયોગમાં આવશે.

## ભારતીય નૌકાદળમાં ત્રણ સવદેશી ALH MK-III હેલિકોપ્ટરનો સમાવેશ કર્યો

ભારતીય નૌસેનાએ 7 જૂન, 2021ના રોજ ત્રણ સ્વદેશી Advanced Light Helicopters ALH MK-IIIનો સમાવેશ કર્યો છે.

- આ હેલિકોપ્ટરનો ઉપયોગ દરિયાઈ સુરક્ષા માટે કરવામાં આવશે.
- આ હેલિકોપ્ટર દેશની માલિકીની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા બનાવવામાં આવ્યા છે.
- આ ત્રણેય હેલિકોપ્ટરને વિશાખાપટ્ટનમમાં ઈન્ડિયન નેવલ સ્ટેશન (INS) ડેગા, પૂર્વી નૌસેનાના કમાન્ડમાં સામેલ કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ALH MK-III

**ALH MK-III**એ ભારતનું એક સ્વદેશી હેલિકોપ્ટર છે.

- તેનું નિર્માણ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા કરવામાં આવ્યું છે.
- આ હેલિકોપ્ટર આધુનિક સર્વેલન્સ રડાર અને ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ સાધનોથી સજ્જ છે.
- આથી, તે રાત્રી દરમિયાન પણ શોધ અને બચાવ કામગીરી કરી શકશે.
- આ હેલિકોપ્ટરમાં ગંભીર રીતે બીમાર દર્દીઓને લઈ જવા માટે એક મેડિકલ આઈ.સી.યુ પણ લગાવવામાં આવ્યું છે.

## હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)એ એક સરકારી ભારીતય એરોસ્પેસ અને સંરક્ષણ કંપની છે. જેનું મુખ્યાલય બેંગ્લોરમાં સ્થિત છે.

- તેની સ્થાપના બેંગ્લોરમાં 23 ડિસેમ્બર, 1940ના રોજ શ્રી વાલચંદ હીરાચંદ દ્વારા હિન્દુસ્તાન એરક્રાફ્ટ લિમિટેડ તરીકે કરવામાં આવી હતી.
- સ્વતંત્રતા બાદ હિન્દુસ્તાન એરક્રાફ્ટ લિમિટેડને વર્ષ 1951માં સંરક્ષણ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ લેવામાં આવી હતી. વર્ષ 1964માં તેનું વર્તમાન નામ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) રાખવામાં આવ્યું હતું.
- સંરક્ષણ મંત્રાલયની ભલામણ પર આ કંપનીનું સંચાલન ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા કરવામાં આવે છે.



1. 'વિશ્વ સમુદ્ર દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 6 જૂન (B) 7 જૂન (C) 8 જૂન (D) 9 જૂન **(C)**

2. શ્રી અબ્દુલા શાહિદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના કેટલામાં સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે ?

(A) 75 મા (B) 76 મા (C) 77 મા (D) 78 મા **(B)**

3. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76મા સત્રના અધ્યક્ષ શ્રી અબ્દુલા શાહિદ કયા દેશના વતની છે ?

(A) માલદીવ (B) અફઘાનિસ્તાન (C) બાંગ્લાદેશ (D) ઈરાક **(A)**

4. તાજેતરમાં 'પ્રાણ', 'વાયુ' અને 'સ્વસ્થ' નામના વેન્ટિલેટર કોણે વિકસિત કર્યા ?

(A) ISRO (B) DRDO (C) HAL (D) IFCL **(A)**

5. તાજેતરમાં ISROએ કયા ઓક્સિજન કન્સ્ટ્રેટરનું નિર્માણ કર્યુ છે ?

(A) પ્રાણ (B) અગ્નિ (C) શ્વાસ (D) જીવ **(C)**

6. તાજેતરમાં ભારતીય નૌકાદળમાં ત્રણ સ્વદેશી ALH MK-III હેલિકોપ્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનું નિર્માણ ________ કંપનીએ કર્યુ છે.

(A) HAN (B) OPV (C) HNV (D) HAL **(D)**

7. ALH MK-III હેલિકોપ્ટરના સંદર્ભે નીચેના પૈકી કઈ વિધાન સાચા છે ?

1. ALH MK-III એ ભારતનું એક સ્વદેશી હેલિકોપ્ટર છે.

2. તેનું નિર્માણ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા કરવામાં આવ્યું છે.

3. આ હેલિકોપ્ટર આધુનિક સર્વેલન્સ રડાર અને ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ સાધનોથી સજ્જ છે.

4. આ હેલિકોપ્ટરનો ઉપયોગ દરિયાઈ સુરક્ષા માટે કરવામાં આવશે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) 1, 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 9 જૂન, વિશ્વ માન્યતા દિવસ (World Accreditation Day)

## QS World University Rankings- 2022

તાજેતરમાં QS World University Ranking-2022 અંતર્ગત વિશ્વની શ્રેષ્ઠ 1000 શૈક્ષણિક સંસ્થાઓની યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

- વિશ્વની શ્રેષ્ઠ 1000 સંસ્થાઓની યાદીમાં ભારતની કુલ 22 સંસ્થાઓનો સમાવેશ થયો છે.
- જેમાંથી આ રેન્કિંગમાં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં IIT બોમ્બે સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમે છે.
- આ રેન્કિંગમાં IIT બોમ્બે 172માં ક્રમે છે.
- IIT બોમ્બે બાદ IIT દિલ્હી 185માં ક્રમે છે.
- જ્યારે Indian Institute of Science, બેંગલુરુ 186માં ક્રમે છે.
- આ રેન્કિંગમાં અમેરિકાની Massachusetts Institute of Technology (MIT) પ્રથમ ક્રમે છે.
- અમેરિકાની MIT બાદ ઓક્સફોર્ડ યુનિવર્સિટી (બ્રિટન) પ્રથમ વખત બીજા સ્થાને આવી ગઈ છે.
- નોંધનીય છે કે 2021ના આ રેન્કિંગમાં ટોચની 1000 સંસ્થાઓની યાદીમાં ભારતની 21 યુનિવર્સિટીનો સમાવેશ થયો છે.
- જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીએ પ્રથમ વખત ટોચની 1000 સંસ્થાઓમાં પ્રવેશ કર્યો છે.

### QS World University Ranking 2022

| Rank | Institute | Country |
|---|---|---|
| 1 | Massachusetts Institute of Technology | USA |
| 2 | University of Oxford | UK |
| 3 | Stanfor University | USA |
| | University of Cambridge | UK |
| 177 | IIT Bombay | India |
| 185 | IIT Delhi | India |
| 186 | Indian Institute of Science, Bengluru | India |
| 255 | IIT Madrass | India |
| 277 | IIT Kanpur | India |

નોંધ : (1) બ્રિટનની QS (Quacqarelli Symonds) Limited નામની કંપની દ્વારા વર્ષ 2004 થી દર વર્ષે આ રેન્કિંગ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(2) અગાઉ તેને 'ટાઈમ્સ હાયર એજ્યુકેશન QS University રેન્કિંગ' તરીકે ઓળખવામાં આવતું હતું.

## આસામ સરકાર ભારત રત્ન અને પદ્મ પુરસ્કાર જેવા એવોર્ડ પ્રદાન કરશે

ભારત રત્ન અને પદ્મ એવોર્ડની તુલનાએ આસમ કેબિનેટે 'આસામ રત્ન એવોર્ડ' સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

- દર વર્ષે એક વ્યક્તિને સમાજમાં તેના નોંધપાત્ર યોગદાન માટે 'આસામ રત્ન' એવોર્ડ આપવામાં આવશે.
- આ અંતર્ગત તેમણે 'આસામ વિભૂષણ', 'આસામ ભૂષણ' અને 'આસામ શ્રી' એવોર્ડ સ્થાપવાનું નક્કી કર્યુ છે.
- આસામ એવોર્ડની સાથે રોકડ ઈનામ પણ આપવામાં આવશે. આ એવોર્ડ માટે 5 લાખ રૂપિયાની રોકડ રકમ આપવામાં આવશે.
- 'આસામ વિભુષણ' એવોર્ડ માટે 3 લાખ રૂપિયા આપવામાં આવશે.
- 'આસામ ભૂષણ' એવોર્ડ માટે 2 લાખ રૂપિયા આપવામાં આવશે.
- 'આસામ શ્રી' એવોર્ડ માટે 1 લાખ રૂપિયા આપવામાં આવશે.
- આ ઉપરાંત આ એવોર્ડ મેળવનારાઓને અન્ય લાભો પણ આપવામાં આવશે. જેમ કે ગંભીર બીમારીની મફત તબીબી સારવાર, ST બસોમાં મફત મુસાફરી વગેરે.

## શ્રી અનુપચંદ્ર પાંડેની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં શ્રી અનુપચંદ્ર પાંડેની ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે.



- શ્રી અનુપચંદ્ર પાંડે 1984ની બેચના નિવૃત IAS અધિકારી છે.
- ચૂંટણી પંચમાં તેઓ વર્ષ 2024 સુધી સેવા આપશે.
- પુર્વ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સુનિલ અરોરા તાજેતરમાં નિવૃત થયા હતા. ત્યારબાદ શ્રી સુશિલ ચંદ્રની મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે પંસદગી કરવામાં આવી હતી.
- આથી અન્ય ચૂંટણી કમિશ્નરનું પદ ખાલી થયું હતું.
- વર્તમાનમાં કાર્યરત ત્રણ ચૂંટણી કમિશ્નર નીચે મુજબ છે.

  (1) શ્રી સુશીલચંદ્ર (મુખ્ય ચૂંટણી કમિશ્નર)

  (2) શ્રી રાજીવ કુમાર

  (3) શ્રી અનુપચંદ્ર પાંડે
- શ્રી અનુપચંદ્ર પાંડેએ ઉત્તરપ્રદેશમાં શ્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં ઉત્તરપ્રદેશના મુખ્ય સચિવ તરીકે કામ કર્યુ હતું.

APPLICATION ICE CLICKS ડાઉનલોડ કરો Google Play
Discount 50% રૂ. 2500/- માં 3 મહિના
GET DISCOUNT ENTER PROMO CODE big50
સિનિયર કલાર્ક & A.T.D.O

## WEDNESDAY Questions

1. **QS World University Ranking-2022માં પ્રથમ ક્રમાકે કઈ યુનિવર્સિટી છે ?**

(A) મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (B) ઓક્સફોર્ડ યુનિવર્સિટી

(C) સ્ટેનફોર્ડ યુનિવર્સિટી (D) યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ

(A)

2. **QS World University Ranking-2022માં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં કઈ સંસ્થા પ્રથમ ક્રમાંકે છે ?**

(A) IIT Bomby (B) IIT Delhi (C) IIT Madrass (D) IIT Kanpur

(A)

3. **QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2022માં ટોચની 1000 યુનિવર્સિટીમાં ભારતની કેટલી યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે ?**

(A) 10 (B) 12 (C) 18 (D) 22

(D)

4. **તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'ભારત રત્ન' અને 'પદ્મ' પુરસ્કાર જેવા એવોર્ડ પ્રદાન કરવાનો નિર્ણય કર્યો છે ?**

(A) તેલંગાણા (B) કેરળ (C) આસામ (D) મહારાષ્ટ્ર

(C)

5. **તાજેતરમાં ચૂંટણી કમિશ્નર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?**

(A) શ્રી અનુપમ પાંડે (B) શ્રી અનુપચંદ્ર પાંડે (C) શ્રી સુનિલ મિશ્રા (D) શ્રી રાજીવ શુક્લા

(B)

6. **વર્તમાનમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર કોણ છે ?**

(A) શ્રી અનુપચંદ્ર પાંડે (B) શ્રી સુનિલ અરોરા (C) શ્રી સુશીલ ચંદ્ર (D) શ્રી રાજીવ કુમાર

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-થાઈલેન્ડ વચ્ચે CORPAT કવાયત શરૂ થઈ

ભારત અને થાઈલેન્ડ બંને દેશો વચ્ચે સમુદ્રી સંબંધોને મજબૂત બનાવવા અને હિન્દ મહાસાગરને આંતરરાષ્ટ્રીય વેપાર માટે સુરક્ષિત રાખવાના હેતુથી CORPAT (Indo-Thai CORPAT) કવાયતની 31મી આવૃતિ શરૂ કરી છે.

- CORPAT દ્વિવાર્ષિક કવાયત છે જેમાં ભારતીય નૌકાદળના સ્વદેશી રીતે બનાવેલા અપતટીય પેટ્રોલ વેસેલ સરયુ અને થાઈલેન્ડ તરફ થી જતોક ક્રાબી ભાગ લેશે.
- આ સિવાય બંને નૌકાદળના ડોર્નીઅર મેરીટાઈમ પટ્રોલ એરક્રાફ્ટ પણ ભાગ લેશે.
- CORPAT કવાયત અથવા અભ્યાસ બંને દેશના નૌકાદળ વચ્ચે સમજ અને આંતરવ્યવહારિક્તા બનાવે છે.
- તે ગેરકાયદેસર પ્રવૃતિઓ જેમ કે ગેરકાયદેસર માછીમારી, દરિયાઈ આંતકવાદ, ડ્રગની હેરફેર, સશસ્ત્ર લૂંટ અને ચાંચિયાગીરી જેવી પ્રવૃતિઓને અટકાવવા માટે વિવિધ પગલાંની સુવિધા આપે છે.
- આ ઉપરાંત આ કવાયત દાણચોરી અટકાવવા અને દરિયામા શોધ અને બચાવ કામગીરી માટે માહિતી આપ–લે કરવા માટે મહત્વપુર્ણ બનશે.
- વર્ષ 2005થી બંને દેશ વચ્ચે આ કવાયત યોજવામાં આવે છે.

## ISRO પૂર્વત્તર રાજ્યોમાં વિકાસના પ્રોજેક્ટમાં મદદ કરશે.

કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર ISRO અવકાશ તક્નીક દ્વારા ઉત્તરપૂર્વ રાજ્યમાં વિકાસના પ્રોજેક્ટમાં મદદ કરશે.

- આ માટે ઈસરો સેટેલાઈટ ઈમેજિંગ અને અન્ય અવકાશ તક્નીકનો શ્રેષ્ઠ ઉપયોગ પ્રદાન કરશે.
- આ કાર્યક્રમનો ઉપયોગ ભારતના પૂર્વોત્તર ક્ષેત્રના તમામ 8 રાજ્યોમાં માળખાગત પ્રોજેક્ટના શ્રેષ્ઠ અમલિકરણ માટે થશે.
- ઈસરો પૂર્વોત્તરના તમામ આઠ રાજ્યમાં 221 સ્થળો પર 67 પ્રોજેક્ટનું નિરિક્ષણ અને ભૂ–ટેગિંગ કરી રહ્યું છે.
- આ તમામ પ્રોજેક્ટને નાણાં મંત્રાલય અથવા નોર્થ ઈસ્ટર્ન કાઉન્સિલ દ્વારા ભંડોળ આપવામાં આવે છે.
- પૂર્વોત્તર ક્ષેત્રોમાં અવકાશ ટેક્નોલોજીનો ઉપયોગ હવે રેલ્વે, કૃષિ, તબીબી વ્યવસ્થાપન, રસ્તાઓ અને પુલો, હવામાન આપત્તિ આગાહી, પૂરની આગાહી જેવા વિવિધ ક્ષેત્રોમાં થઈ રહ્યો છે.
- દેશમાં પ્રથમ વખત ISROની વિકાસના પ્રોજેક્ટ માટે ડેટા શેરિંગ અને મેપિંગમાં સંસ્થાકીય ભાગીદારી છે.

### ઉત્તર-પૂર્વીય પરિષદ (NEC)

ઉત્તર–પૂર્વીય પરિષદ (North Eastern Council-NEC)ની રચના 'નોર્થ ઈસ્ટર્ન કાઉન્સિલ એક્ટ, 1971' દ્વારા કરવામાં આવી હતી.

- NEC એક વૈધાનિક સહકાર મંડળ છે. તેનું વડું મથક શિલોંગ ખાતે આવેલું છે.
- આઠ ઉત્તર–પૂર્વ રાજ્યો, આસામ, અરૂણાચલપ્રદેશ, મિઝોરમ, મણિપુર, મેઘાલય, ત્રિપુરા, નાગાલેન્ડ અને સિક્કિમ આ કાઉન્સિલના સભ્યો છે.
- આ કાઉન્સિલનું પ્રતિનિધિત્વ આ તમામ રાજ્યોના મુખ્યમંત્રી તથા રાજપાલો દ્વારા કરવામાં આવે છે.
- વર્ષ 2002માં NECમાં સિક્કિમનો સમાવેશ થયો હતો.
- NEC પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલય (DONER) હેઠળ કાર્ય કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## IIT ખડગપુરે Early Cyclone Detection તકનીક વિકસાવી

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT) ખડગપુરે પ્રારંભિક ચક્રવાતને શોધવાની તકનીક (Early Cyclone Detection Technique) વિકસાવી છે.

- જે ઉત્તર હિંદ મહાસાગરના ક્ષેત્રમાં ઉષ્ણકટિબંધીય ચક્રવાતોના વિકાસ અથવા મજબૂતીકરણની પ્રારંભિક તપાસ કરવામાં મદદ કરશે.
- IIT એ એડી ડિટેક્શન તકનીક (Eddy Detection Technique)નો ઉપયોગ આ તકનીકને વિકસાવી છે.
- આ તકનીકનો વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સહયોગથી ક્લાઈમેન્ટ ચેન્જ પ્રોગ્રામ હેઠળ અભ્યાસ કરવામાં આવ્યો હતો.
- ચક્રવાતની પ્રારંભિક તપાસ માટે અગાઉ રિમોટ સેન્સિંગ તકનીકનો ઉપયોગ કરીને કરવામાં આવતો હતો.
- પરંતુ તેની તપાસ ગરમ સમુદ્રની સપાટી પર નીચા દબાણની રચના પછી જ શક્ય બનતું હતું.
- આ નવી તકનીક ચક્રવાતી એડીઝ (Cyclonic Eddies) પર આધારિત છે.
- વૈજ્ઞાનિકએ નોંધ્યું છે કે આ તકનીક થી ઓછામાં ઓછા ચાર દિવસ પહેલા ચક્રવાતના પ્રારંભિકને શોધી શકાય છે.

## EIUએ વિશ્વમાં વસવાટ માટેના શ્રેષ્ઠ શહેરોનો વાર્ષિક સર્વે બહાર પાડ્યો



ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)એ વિશ્વના શ્રેષ્ઠ વસવાટ માટેના શહેરો (World's Most Liveable Cities)ના વાર્ષિક સર્વેક્ષણ 2021 અનુસાર COVID-19 મહામારીને કારણે વસવાટ માટેના શ્રેષ્ઠ શહેરોની રેન્કિંગમાં ઘણી અસર થઈ છે.

- આ રિપોર્ટ અનુસાર યુરોપના દેશોની તુલનામાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને ન્યૂઝીલેન્ડના શહેરો આગળ નિકળી ગયા છે.
- EIU ના રિપોર્ટ અનુસાર ન્યૂઝીલેન્ડનું ઓકલેન્ડ શહેર વિશ્વમાં રહેવા માટે સૌથી વધુ પંસદ થતુ ટોચનું શહેર બની ગયું છે.
- ત્યારબાદ બીજા ક્રમે જાપાનનું ઓસાકા અને ત્રીજા ક્રમે ઓસ્ટ્રેલિયાનું એડિલેડ શહેરનો સમાવેશ થાય છે.
- આ રિપોંટમાં જણાવ્યા મુજબ કોરાના મહામારી સાથેના સફળ અભિગમના કારણે ઓકલેન્ડ વિશ્વમાં રહેવા માટેનું સૌથી પસંદગીનું શહેર બની ગયું છે.
- વર્ષ 2018 થી 2020 દરમિયાન આ યાદીમાં ટોચના સ્થાને રહેલ વિયેના શહેર 12માં સ્થાને આવી ગયું છે.
- મહામારી દરમિયાન જર્મની અને ફ્રાન્સના મોટાભાગના શહેરોમાં ખરાબ આરોગ્ય સંભાળ જોવા મળી હતી. તથા રેન્કિંગમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ શહેરોની ખરાબ ચિકિત્સા વ્યવસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વમાં વસવાટ માટેના ટોચના 10 શહેરો

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | ઓકલેન્ડ | ન્યૂઝીલેન્ડ |
| 2 | ઓસાકા | જાપાન |
| 3 | એડિલેડ | ઓસ્ટ્રેલિયા |
| 4 | વેલિંગ્ટન | ન્યૂઝીલેન્ડ |
| 5 | ટોક્યો | જાપાન |
| 6 | પર્થ | ઓસ્ટ્રેલિયા |
| 7 | જ્યૂરિક | સ્વિત્ઝર્લેન્ડ |
| 8 | જિનીવા | સ્વિત્ઝર્લેન્ડ |
| 9 | મેલબોર્ન | ઓસ્ટ્રેલિયા |
| 10 | બ્રિસ્બેન | ઓસ્ટ્રેલિયા |

## વિશ્વમાં વસવાટ માટેના 10 બદતર (ખરાબ) શહેરો

| ક્રમ | શહેર | દેશ |
|---|---|---|
| 1 | દમાસ્કસ | સીરિયા |
| 2 | લોગોસ | નાઈજીરિયા |
| 3 | પોર્ટ મોરેસ્બાય | ન્યુગિનિ |
| 4 | ઢાંકા | બાંગ્લાદેશ |
| 5 | એલ્જિરસ | અલ્જિરિયા |
| 6 | ટ્રિપોલી | લીબિયા |
| 7 | કરાચી | પાકિસ્તાન |
| 8 | હરારે | ઝિમ્બાબ્વે |
| 9 | દૌઅલા | કેમરૂન |
| 10 | કારાકાસ | વેનેઝુએલા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

FREE DOWNLOAD

CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR
અને MAINS માટે ખાસ

વિદ્યાર્થીઓના પ્રતિસાદને ધ્યાને લઈ પુનઃશરૂ શરૂ કરેલ છે.

1. તાજેતરમાં CORPAT કવાયત ભારત અને બીજા કયા દેશ વચ્ચે શરૂ થઈ છે ?

(A) બાંગ્લાદેશ (B) થાઈલેન્ડ (C) જાપાન (D) રશિયા (B)

2. CORPAT કવાયત સંદર્ભે નીચેનામાંથી કયા વિધાન સાચા છે ?

(A) ભારત અને થાઈલેન્ડ વચ્ચે સમુદ્રી સંબંધોને મજબૂત બનવવા માટે યોજાતી કવાયત છે.

(B) CORPAT કવાયત અથવા અભ્યાસ ભારત અને થાઈલેન્ડના નૌકાદળ વચ્ચે સમજ અને આંતરવ્યવહારિકતા બનાવે છે.

(C) આ કવાયત ભારત અને થાઈલેન્ડ વચ્ચે 2005થી યોજવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ (D)

3. ISRO કયા રાજ્યમાં વિકાસના પ્રોજેક્ટમાં મદદ કરશે ?

(A) પૂર્વત્તોર રાજ્યો (B) દક્ષિણના રાજ્યો

(C) પંજાબ અને હરિયાણા (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

4. ઉત્તર પૂર્વીય પરિષદ (North Eastern Council)માં કયા વર્ષે સિક્કિમનો સમાવેશ થયો હતો ?

(A) 2000 (B) 2001 (C) 2001 (D) 2003 (C)

5. તાજેતરમાં કઈ સંસ્થાએ પ્રારંભિક ચક્રવાતને શોધવાની તકનીક વિકસાવી છે ?

(A) IIT દિલ્હી (B) IIT ખડગપુર (C) IIT બોમ્બે (D) IIT બેંગ્લુરુ (B)

6. EIU ના રિપોર્ટ અનુસાર વિશ્વમાં વસવાટ માટે સૌથી સર્વશ્રેષ્ઠ શહેર કયું છે ?

(A) ઓકલેન્ડ (B) લાગોસ (C) ઓસાકા (D) એડિલેડ (A)

7. EIU ના રિપોર્ટ અનુસાર વિશ્વમાં વસવાટ માટે સૌથી શ્રેષ્ઠ બીજુ શહેર કયું છે ?

(A) ઓસાકા (B) વેલિંગ્ટન (C) બ્રિસ્બેન (D) પર્થ (A)

8. ઓકલેન્ડ કયા દેશનું શહેર છે ?

(A) જાપાન (B) ન્યૂઝીલેન્ડ (C) સ્વિત્ઝર્લેન્ડ (D) ઓસ્ટ્રેલિયા (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચીન-આસિયાન બેઠક

તાજેતરમાં ચીને આસિયાન (ASEAN) દેશોના વિદેશી મંત્રીઓની બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠક ચીન–આસિયાન સંવાદની 30મી વર્ષગાંઠ નિમિત્તે યોજવામાં આવી હતી.

- આ બેઠક દ્વારા ચીન આ ક્ષેત્ર સાથેના આર્થિક સંબંધોને ગાઢ બનાવવા અને અમેરિકા સાથે પ્રાદેશિક જોડાણ તેમજ કવાડ જૂથબંધી અંગે નવિન પ્રયત્નો કરવા માગે છે.
- ચીને જણાવ્યું હતું કે ચીન અને આસિયાને સંયુક્ત રીતે પશ્ચિમમાં એશિયન મૂલ્યોને આગળ વધારવું જોઈએ.
- વર્ષ 2014માં ચીને 'એશિયાના એશિયન લોકોની સુરક્ષા જાળવવાનું છે' એવો વિચાર રજૂ કર્યો હતો.
- ચીને એશિયાના દેશોને તેમની રસી તેમજ સંયુક્ત રસી વિકાસ અને ઉત્પાદનપર ઘનિષ્ઠ સહયોગની જાહેરત કરી હતી.

### આસિયાનનું ચીન માટે મહત્વ

- ચીનના આર્થિક અને વ્યૂહાત્મક હિતોમાં આસિયાન મહત્વની ભૂમિકા ભજવશે.
- આ ક્ષેત્રના પ્રમાણમાં નાના દેશો, જે આર્થિક રીતે ચીન સાથે જોડાયેલા છે તે પણ ચાઈનાને તેનો પ્રભાવ વધારવાની પૂરતી તકો પ્રદાન કરે છે.
- આ ક્ષેત્રમાં સંદેશાવ્યવહારના મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો છે જે મધ્ય પૂર્વીય ક્ષેત્રના તેલની મહત્વપૂર્ણ આયાત સહિતના વૈશ્વિક બજારોમાં ચીનની પહોંચને રજૂ કરે છે.

### ASEAN

ASEANનું પૂરું નામ 'Association of Southeast Asian Nations' છે.

- આસિયાન એ દક્ષિણ–પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- ભારત આસિયાનનું સભ્ય નથી.
- 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં આસિયાનની સ્થાપના થઈ હતી.
- આસિયાનનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.

નોંધ : (1) નવેમ્બર 2020માં 17માં ભારત–આસિયાન શિખર સંમેલનનું વર્ચ્યુઅલ આયોજન થયું હતું.

(2) આ સમિટને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સની મદદ થી સંબોધન કર્યુ હતું.

## દેહિંગ પટકાઇ (Dehing Patkai) બન્યું આસામનું 7મું રાષ્ટ્રીય ઉદ્યાન

આસામ સરકારે દેહિંગ પટકાઈ (Dehing Patkai)ને આસામનું 7મું રાષ્ટ્રીય ઉદ્યાન ઘોષિત કર્યુ છે.

- આ રાષ્ટ્રીય ઉદ્યાન આસામ ઘાટીના ઉષ્ણ કટિબંધીય આર્દ્ર સદાબહાર જંગલનો છેલ્લો ભાગ છે.
- નોંધનીય છે કે આસામ સરકારે થોડા દિવસ પહેલા આસામના કોકરાઝાર જિલ્લામાં 'રાયમોના રાષ્ટ્રીય ઉદ્યાન'ની ઘોષણા કરી હતી. જે આસામનું છઠ્ઠુ રાષ્ટ્રીય ઉદ્યાન બન્યું હતું.

- આસામ હવે ભારતનું ત્રીજુ સૌથી વધુ રાષ્ટ્રીય ઉદ્યાનો (7) ધરાવતું રાજ્ય બન્યું છે.
- મધ્યપ્રદેશમાં સૌથી વધુ 12 રાષ્ટ્રીય ઉદ્યાનો છે ત્યારબાદ આંદમાન નિકોબાર 9 રાષ્ટ્રીય ઉદ્યાન સાથે બીજા ક્રમે છે.

## દેહિંગ પટકાઈ રાષ્ટ્રીય ઉદ્યાન

દેહિંગ પટકાઈ રાષ્ટ્રીય ઉદ્યાન આસામના દિબ્રૂગઢ અને તિનસુકિયા જિલ્લામાં સ્થિત છે.

- દેહિંગ પટકાઈનું ક્ષેત્રફળ 234.26 ચોરસ કિલોમીટર છે.
- નોંધનીય છે કે દેહિંગ પટકાઈને જૂન 2004માં તેને અભ્યારણ જાહેર કરાયું હતું.
- આ વિસ્તાર હાથીઓનું મુખ્ય નિવાસ સ્થાન છે.
- આ ઉપરાંત પતંગિયાની 310 જાત અને સરિસૃપ તથા સસ્તન પ્રાણીઓની 47 પ્રજાતીઓ પણ છે, જેમાં વાઘ અને દીપડાઓનો પણ સમાવેશ થાય છે.
- તેનું સંચાલન દિગ્બોઈ ફોરેસ્ટ વિભાગની સોરૈપંગ રેન્જ અને દિબ્રૂગઢ ફોરેસ્ટ વિભાગની જેપોર રેન્જ દ્વારા કરવામાં આવશે.
- નોંધનીય છે કે ભારતના ઉષ્ણ કટિબંધીય નીચાણવાળા વરસાદના જંગલોનો સૌથી મોટો વિસ્તાર દેહિંગ પટકાઈ છે.

## Global House Price Index- 2021

તાજેતરમાં Q1 2021 માટે નાઈટ ફ્રેન્કના Global House Price Index અનુસાર કોવિડ-19 મહામારીના કારણે ભારત વૈશ્વિક ઘરેલું મૂલ્ય સુચકાંકમાં 12 સ્થાન નીચે આવ્યું છે. આ ઉપરાંત ભારતમાં સંપત્તિના ભાવોમાં ઘટાડો થયો છે.

- વર્ષ 2021ના આ ઈન્ડેક્સમાં ભારત 55માં ક્રમે છે. જ્યારે 2020માં 43માં ક્રમે હતું.
- 'વર્ષ–દર–વર્ષ'ના આધારે ભારતમાં ઘરના ભાવમાં 6%નો ઘટાડો થયો છે.
- અમેરિકામાં વર્ષ 2005 પછીનો સૌથી વધુ વાર્ષિક ભાવ વૃધ્ધિદર જોવા મળ્યો છે.
- તુર્કી 32% ભાવો સાથે વાર્ષિક રેન્કિંગમાં ટોચ પર છે.
- તુર્કી પછી ન્યૂઝીલેન્ડની સંપત્તિના ભાવમાં 1% અને વાર્ષિક વૃધ્ધિ નોંધાઈ છે.
- 2021ના આ પ્રથમ ક્વાર્ટરમાં સ્પેન સૌથી નબળું પ્રદર્શન કરનાર ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે.
- House Price Index (HPI) અમુક ચોક્કસ શરૂઆતની તારીખથી ટકાવરી ફેરફારના સંબંધમાં રહેણાંક મકાનોના ભાવમાં ફેરફારને માપે છે.

## રેલ્વેને 5 મેગાહર્ટ્ઝ સ્પેક્ટ્રમ ફાળવણીની મંજૂરી આપવામાં આવી

તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે ભારતીય રેલ્વેની સંદેશાવ્યવહાર અને સિગ્નલિંગ સિસ્ટમ સુધારવા માટે 700 મેગાહર્ટ્ઝ ફ્રીકવન્સી બેન્ડમાં 5 મેગાહર્ટ્ઝ સ્પેક્ટ્રમની ફાળવણીને મંજૂરી આપી છે.


- આ ઉપરાંત રેલ્વેએ સ્વદેશી રીતે વિકસિત ટ્રેન કોલિઝન એવોઈન્ડસ સિસ્ટમની પણ મંજૂરી આપી છે.
- અંદાજિત 25,000 કરોડ રૂપિયાના ખર્ચ સાથે આ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.

- ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)ની ભલામણ મુજબ રોયલ્ટી ફી અને કેપ્ટિવ યુઝ માટે લાઈસન્સ ફી માટે સૂચવેલા ફોર્મ્યૂલાના આધારે <u>સ્પેક્ટ્રમ ચાર્જ</u> લેવામાં આવશે.
- રેલ્વે હાલમાં તેના કમ્યુનિકેશન નેટવર્ક માટે <u>ઓપ્ટિકલ ફાઈબર</u> પર આધારિત છે. પરંતુ નવા સ્પેક્ટ્રમની ફાળવણી સાથે તે વાસ્તવિક સમયના આધારે હાઈ સ્પીડ રેડિયોનો ઉપયોગ કરી શકશે.
- આ ઉપરાંત તે ટ્રેન અકસ્માતને રોકવામાં અને ડ્રાઈવર, સ્ટેશન માસ્તર, તથા કન્ટ્રોલ સેન્ટર વચ્ચે રીઅલ–ટાઈમ ક્રિયાપ્રતિક્રિયાને સક્ષમ કરીને વિલંબ ઘટાડવામાં મદદ કરશે.

## રેડિયો સ્પેક્ટ્રમ

રેડિયો સ્પેક્ટ્રમ જેને <u>રેડિયો ફ્રીકવન્સી</u> અથવા <u>RF</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

- રેડિયો સ્પેક્ટ્રમ ઈલેકટ્રોમેગ્નોટિક સ્પેક્ટ્રમનો એક ભાગ છે.
- આ આવર્તન શ્રેણીમાં ઈલેકટ્રોમેગ્નેટિક તંરગોને <u>રેડિયો ફ્રીકવન્સી બેન્ડ</u> અથવા '<u>રેડિયો તંરગો</u>' પણ કહેવામાં આવે છે.
- ઈલેકટ્રોમેગ્નેટિક સ્પેકટ્રમમાં રેડિયો તંરગોમાં સૌથી લાંબી તંરગ લંબાઈ હોય છે. તેની શોધ <u>1880</u>ના દાયકાના અંતમાં <u>શ્રી હેનરિક હટ્ર્ઝ</u> દ્વારા કરવામાં આવી હતી.



1. તાજેતરમાં કયા દેશે આસિયાન જુથના વિદેશી મંત્રીઓ સાથે બેઠક યોજી હતી ?

(A) ચીન (B) રશિયા (C) અમેરિકા (D) બ્રિટન (A)

2. આસિયાન (ASEAN) સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. આસિયાન એ દક્ષિણ–પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.

2. ભારત વર્ષ 2008માં આસિયાનનું સભ્ય બન્યું હતું.

3. આસિયાનની સ્થાપના 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોક ખાતે થઈ હતી.

4. તેનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તામાં આવેલું છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (B)

3. દેહિંગ પટકાઈ રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલ છે ?

(A) કેરળ (B) આસામ (C) ત્રિપુરા (D) મેઘાલય (B)

4. તાજેતરમાં દેહિંગ પટકાઈ આસામનું કેટલામું રાષ્ટ્રીય ઉદ્યાન બન્યું છે ?

(A) ત્રીજુ (B) ચોથુ (C) છટ્ઠુ (D) સાતમું (D)

5. Global House Price Index-2021માં ભારત કેટલામો ક્રમે છે ?

(A) 55 (B) 42 (C) 46 (D) 48 (A)

6. તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે રેલ્વેને કેટલા મેગાહર્ટઝ સ્પેક્ટ્રમ ફાળવણીની મંજૂરી આપવામાં આવી છે ?

(A) 3 (B) 4 (C) 5 (D) 6 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 જૂન, વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન (World Day Against Child Labour)

સમગ્ર વિશ્વમાં બાળ મજૂરીના વિરોધમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે 12 જૂનના રોજ 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (International Labour Organization) દ્વારા 12 જૂનને 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' તરીકે ઉજવવાની મંજૂરી આપવામાં આવી છે.
- આ અંતર્ગત સૌપ્રથમ 12 જૂન, 2002થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2021 ની 'વિશ્વ બળ મજૂરી વિરોધ દિન' ની થીમ 'Act Now : End Child Labour' છે.

નોંધ : (1) ભારતીય બંધારણના અનુચ્છેદ-24 અંતર્ગત બાળમજૂરી પર પ્રતિબંધની જોગવાઈ છે.

(2) ભારતમાં 14 વર્ષથી નીચેના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને 14 વર્ષથી મોટા અને 18 વર્ષથી નાના તરુણોને જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે.

## પ્રસિધ્ધ ન્યુરોલોજીસ્ટ ડો. અશોક પનાગરિયાનું નિધન

તાજેતરમાં પ્રસિધ્ધ ન્યુરોલોજીસ્ટ ડો. અશોક પનાગરિયાનું કોવિડ-19 ના કારણે 71 વર્ષની વયે નિધન થયું છે.

- ડો. અશોક પનાગરિયાએ રાજસ્થાન આરોગ્ય વિજ્ઞાન યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર અને રાજસ્થાન સરકારના પ્લાનિંગ બોર્ડના સભ્ય સહિત અનેક ઉચ્ચ હોદ્દાઓ સંભાળ્યા છે.
- ડો. અશોક પનાગરિયા ભારતના પ્રખ્યાત ન્યુરોલોજીસ્ટ, તબીબી સંશોધનકાર અને શિક્ષણ વિદ્ હતા.
- તેમનો જન્મ વર્ષ 1950માં રાજસ્થાન ખાતે થયો હતો.
- વર્ષ 1972માં તેમણે MBBS પૂર્ણ કર્યુ હતું તથા ન્યુરોલોજી વિષયમાં પણ અભ્યાસ કર્યો હતો.
- તેઓ ભારતીય સંરક્ષણ દળના માનદ ન્યુરોલોજીસ્ટ ઉપરાંત 'દિશા' નામની NGOના અધ્યક્ષ પણ હતા.
- વર્ષ 2014માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ ઉપરાંત તબીબી ક્ષેત્રે તેમના યોગદાન બદલ યુનેસ્કો એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સુશ્રી રેબેકા ગ્રિનસ્પેન (Rebeca Grynspan) UNCTADની પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા

યુનાઈટેડ નેશન્સ જનરલ એસમ્બલીએ 'વેપાર અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન' (UNCTAD)ના અધ્યક્ષ પદ માટે સુશ્રી રેબેકા ગ્રિનસ્પેન (Rebeca Grynspan)ના નામાંકનને મંજૂરી આપી દીધી છે.

- સુશ્રી રેબેકા ગ્રિનસ્પેન કોસ્ટા રિકા દેશના પ્રસિધ્ધ અર્થશાસ્ત્રી છે.
- તેઓ UNCTADનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા બન્યા.
- સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી જનરલ શ્રી એન્ટોનિયો ગુટેરેસે તેમને UNCTADના અધ્યક્ષ તરીકે જાહેર કાર્યા હતા.

- સુશ્રી રેબેકા ગ્રિનસ્પેન વર્ષ 2014થી 'ઈબેરો–અમેરિકન જનરલ સચિવાલય'ના સેક્રટરી જનરલ છે. આ સચિવાલય ઈબેરો–અમેરિકન સમિટ માટેની તૈયારીઓને પણ સમર્થન આપે છે.
- તેમણે વર્ષ 2010 થી 2014 દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)ના નાયબ પ્રસાશક તરીકે પણ કાર્ય કર્યું હતું.

## UNCTAD

UNCTADનું પૂરું નામ 'United Nations Conference on Trade and Development' (વેપાર અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલ્લન) છે.

- તે વિકાસશીલ દેશોમાં વેપાર, રોકાણ અને વિકાસની તકોને મહત્તમ બનાવવાનો પ્રયત્ન કરે છે. અને તેમને સમાનતાના આધારે વિશ્વના અર્થતંત્રમાં એકીકૃત કરવામાં મદદ કરે છે.
- UNCTADની સ્થાપના વર્ષ 1964માં થઈ હતી.
- તે સ્થાયી આંતર સરકારી સંસ્થા છે.
- તેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

## ESAએ શુક્ર ગ્રહના અભ્યાસ માટે 'Envision' ઓર્બિટરની ઘોષણા કરી

યુ.એસ સ્પેસ એજન્સી નાસાએ શુક્ર ગ્રહ પર બે મિશન મોકલવાનું નક્કી કર્યા પછી 'યુરોપિયન સ્પેસ એજન્સી' (ESA) એ શુક્ર ગ્રહનો અભ્યાસ કરવા માટે 'Envision' (એનવિઝન) ઓર્બિટરની ઘોષણા કરી છે.

- Envision શુક્ર ગ્રહની ઉપર ચક્કર લગાવનાર આગામી ઓર્બિટર હશે.
- તે શુક્ર ગ્રહના આંતરિક ભાગથી ઉપરના વાતાવરણ સુધીનું સમગ્ર દશ્ય પ્રદાન કરશે.
- આ ઓર્બિટર પૃથ્વી અને શુક્રનો વિકાસ અલગ–અલગ કેવી રીતે થયો તે જાણવામાં મદદ કરશે.
- યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) વર્ષ 2030 સુધીમાં આ પ્રોબ લોન્ચ કરશે.
- તેમને 'એરિયન-6' નામના રોકેટમાં લોન્ચ કરવામાં આવશે. આ અંતરિક્ષ યાનને શુક્ર ગ્રહ પર પહોંચવામાં લગભગ 15 મહિનાનો સમય લાગશે અને ભ્રમણ કક્ષા પૂર્ણ કરવા માટે બીજા 16 મહિનાનો સમય લાગશે.

### શુક્ર ગ્રહના અભ્યાસનું મહત્વ

શુક્ર એ આતંરિક સૌરમંડળમાં પૃથ્વીનો સૌથી નજીકનો ગ્રહ છે. તેમનું કદ અને સંરચના પૃથ્વી જેવી જ છે.

- શુક્ર ગ્રહના અભ્યાસથી એ જાણવામાં મદદ થશે કે પૃથ્વી જેવા ગ્રહો કેવી રીતે વિકસિત થાય છે અને પૃથ્વીના કદના એક્ઝોપ્લેન્ટ (આપણા સૂર્ય સિવાયના તારાની પરિક્રમા કરનાર ગ્રહો) કેવી પરિસ્થિતઓમાં અસ્તિત્વમાં છે.
- વૈજ્ઞાનિકો શુક્ર પર જીવનના અસ્તિત્વ વિશે અનુમાન લગાવે છે.
- વર્ષ 2020માં વૈજ્ઞાનિકોએ શુક્રના વાતાવરણમાં ફોસ્ફિનની હાજરી શોધી કાઢી હતી.
- શુક્ર ગ્રહના અભ્યાસ પરથી એ પણ જાણી શકાશે કે કોઈ ગ્રહનું વાતાવરણ કેવી રીતે બદલાય છે.

નોંધ : નાસાએ શુક્ર ગહના અભ્યાસ માટે 'DAVINCI+' અને 'VERITAS' નામના બે રોબેટિક મિશનની જાહેરાત કરી હતી. આ મિશન 2028 થી 2030ની વચ્ચે લોન્ચ થશે.

## SATURDAY Questions

1. કયા દિવસે 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 11 જૂન (B) 12 જૂન (C) 13 જૂન (D) 14 જૂન **(B)**

2. 'વિશ્વ બાળ મજૂરી વિરોધ દિન' 2021ની થીમ શું હતી ?

(A) Act Now : End Child Labour

(B) Protect Children From Child Labour, Now More Than Ever.

(C) Children Shouldn't Work in Fields but on Dreams

(D) Generation Safe & Healthy **(A)**

3. તાજેતરમાં ડો. અશોક પનાગરિયાનું નિધન થયું છે. તે કયા રાજ્યના જાણીતા ન્યુરોલોજીસ્ટ હતા ?

(A) કેરળ (B) મહારાષ્ટ્ર (C) રાજસ્થાન (D) બિહાર **(C)**

4. 'વેપાર અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન' (UNCTAD)ના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?

(A) સુશ્રી કમલા હેરિસ (B) સુશ્રી એન્જેલા માર્કેલ

(C) સુશ્રી નેન્સી પોલોસાઈ (D) સુશ્રી રેબેકા ગ્રિનસ્પેન **(D)**

5. UNCTADની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1960 (B) 1964 (C) 1971 (D) 1974 **(B)**

6. તાજેતરમાં કઈ સ્પેસ એજન્સીએ શુક્ર ગ્રહના અભ્યાસ માટે 'ENVISION' ઓર્બિટરની ઘોષણા કરી ?

(A) ESA (B) NASA (C) ISRO (D) RSA **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

- **ગુજરાતમાં હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વોટરપાર્કને એક વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાંથી મુક્તિ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં આવેલ હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વોટરપાર્કને પ્રોપર્ટી ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટસ અને વોટરપાર્કને વીજબીલમાં ફિક્સચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી અને ખરેખર વીજ વપરાશ થયો હોય તેના પર જ વીજ બીલ ચાર્જ વસૂલ કરવામાં આવશે. કોરોના મહામારીના કારણે સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં લઈ મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે.

- **વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડન દ્વારા ગુજરાત, દાદરા નગર હવેલી, દમણ અને દીવ NCC નિર્દેશાલયને 'પ્રતિબધ્ધતાનું પ્રમાપપત્ર' આપવામાં આવ્યું**

ગુજરાત, દમણ અને દીવ, દાદરા નગર હવેલી NCC નિર્દેશાલય દ્વારા હાથ ધરવામાં આવેલા #EKMAISaukeliye અભિયાનને હવે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડન દ્વારા બિરદાવવામાં આવ્યું છે. 7 જૂન 2021ના રોજ ગુજરાત NCC નિર્દેશાલયને પ્રાપ્ત થયેલા ઈમેલમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા 'પ્રતિબધ્ધતાનું પ્રમાણપત્ર' આપવામાં આવ્યું છે. આ અભિયાનનો પ્રારંભ મે 2021માં કરવામાં અવ્યો છે. જેનો તબક્કો-3 હાલમાં ચાલી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત રાષ્ટ્ર નિર્માણને ધ્યાનમાં રાખીને સમગ્ર ગુજરાતમાં સામાજિક સેવા અને સામુદાયિક વિકાસની અર્થપૂર્ણ પ્રવૃતિ હાથ ધરવામાં આવી છે.

## ભારત

- **દિલ્હી સરકારે 'જહાં વોટ, વહાં વેક્સિનેશન' અભિયાન શરૂ કર્યું**

દિલ્હી સરકારે કોવિડ-19 મહામારી સામે દિલ્હીના લોકોને રસી આપવા માટે 'જહાં વોટ, વહાં વેક્સિનેશન' (Jahan Vote, Wahan Vaccination) રસીકરણ અભિયાન અંતર્ગત 45 વર્ષથી વધુ ઉંમરના લોકોને મતદાન મથકો પર રસી આપવામાં આવશે. આ અભિયાનની શરૂઆત કરતા મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે 45 વર્ષથી વધુ ઉંમરના લોકોને ચૂંટણી દરમિયાન તેઓએ જ્યાં મતદાન કર્યુ હતું ત્યાં રસી આપવામાં આવશે આ ઉપરાંત ટૂંક સમયમાં ઘરે ઘરે પણ રસીકરણ કરવામાં આવશે. દિલ્હીમાં 45 લાખથી વધુ વયના 57 લાખ લોકો છે, જેમાંથી 27 લાખને COVID-19 રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

➢ **વિશ્વ બેન્કે ભારતના MSME સેક્ટરને મદદ કરવા 500 મિલિયન ડોલરના કાર્યક્રમને મંજૂરી આપી**

તાજેતરમાં વિશ્વ બેન્કે ભારતના MSME ક્ષેત્રને વેગ આપવા માટે 500 મિલિયન ડોલરના એક કાર્યક્રમને મંજૂરી આપી છે. આ કાર્યક્રમનો હેતુ 5,50,000 MSMEની કામગીરીમાં સુધારો લાવવાનો છે. નોંધનીય છે કે ભારતમાં આશરે 58 મિલિયન MSMEમાં 40 ટકાથી વધુ પાસે ફાઈનાન્સના ઔપચારિક સ્ત્રોતો સુધી પોંહચી નથી. કારણ કે માઈક્રો લઘુ અને મધ્યમ ઉદ્યોગો દેશના અર્થતંત્રની કરોડરજ્જુ ધરાવે છે. તેથી તે ભારતના GDPમાં 30% હિસ્સો ધરાવે છે. આ પહેલા વિશ્વ બેંકે જુલાઈ, 2020માં માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે 750 મિલિયન સહાય પુરી પાડી હતી.

➢ **ભારતને સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ (ECOSOC) માટે ચૂંટવામાં આવ્યો**

તાજેતરમાં ભારતને સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ (United Nationals Economic and Social Council- ECOSOC)માં 2022-24ના સમયગાળા માટે ચૂંટવામાં આવ્યો છે. ECOSOC સંયુક્ત રાષ્ટ્રના ડેવલ્પમેન્ટ પ્રણાલીના કેન્દ્રમાં છે અને ટકાઉ વિશ્વ માટે સામૂહિક પગલાને પોત્સાહન આપવા માટે લોકો અને મુદ્દાઓને સાથે લાવે છે. ભારતની પંસદગી અફઘાનિસ્તાન, કઝાકિસ્તાન અને ઓમાનની સાથે એશિયા–પ્રશાત કેટેગરીમાંથી કરવામાં આવી હતી. ECOSOCએ સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સી છે, જેની રચના 26 જૂન, 1945ના રોજ થઈ હતી. તેનું મુખ્ય મથક અમેરિકાના ન્યૂયોર્કમાં સ્થિત છે.

➢ **ક્રિસિલ (CRISIL)એ ભારતના GDPના અંદાજને 11%થી ઘટાડીને 9.5% કર્યો**

રેટિંગ એજન્સી ક્રિસિલ (CRISIL)એ નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતના GDPની વૃધ્ધીના અંદાજને 11%થી ઘટાડીને 9.5 ટકા કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે COVID-19ની બીજી લહેરે ખાનગી વપરાશ અને રોકાણને અસર કર્યુ છે. ક્રિસિલના જણાવ્યા મુજબ કોવિડ-19ની બીજી લહેરના કારણે રાજ્યોએ લોકડાઉન કરવાની ફરજ પાડી હતી જેના કારણે વર્ષ 2021માં ફરીથી ગ્રાહક અને વ્યવસાયના વિશ્વાસને અસર થઈ છે. આ રિપોર્ટમાં આર્થિક પુનઃપ્રાપ્તિમાં રસીકરણના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

➢ **ફ્લિપકાર્ટ 'Medicines From the Sky' પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે.**

ઈ–કોમર્સ કંપની ફ્લિપકાર્ટ (Flip Kart) તેલંગાણા સરકાર સાથે ભાગીદારી કરીને 'મેડિસન ફ્રોમ ધ સ્કાય' (Medicines From The Sky) પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે. આ કન્સોર્ટિયમ હેઠળ વોલમાર્ટ માલિકીની ફ્લિપકાર્ટ ડ્રોન તૈનાત કરશે અને રસીઓ તથા તબીબી પુરવઠો પહોંચાડવા માટે સક્ષમ બનશે. આ ડ્રોન ડિલિવરી માટે જિઓ મેપિંગ, લોકેશન ટ્રસિંગ અને શિપમેન્ટના રૂટીંગ જેવી તકનીકીનો ઉપયોગ કરવામાં આવશે. આ તકનીકનો ઉપયોગ તેલંગાણાના દુરસ્થ વિસ્તારો કે જ્યાં દવાઓની ડિલવરી કરવી મુશ્કેલ છે ત્યાં કરવામાં આવશે.

➤ **ન્યાયાલય કાર્યવાહીની લાઈવ સ્ટ્રીમિંગ માટે ડ્રાફ્ટ નિયમ જાહેર કરવામાં આવ્યા**

સુપ્રીમકોર્ટની ઈ–સમિતિએ લાઈવ સ્ટ્રીમિંગ અને કોર્ટ કાર્યવાહીની રેકોર્ડિંગ માટેના ડ્રાફ્ટ મોડલના નિયમો જાહેર કર્યા છે. આ ડ્રાફ્ટ મોડલના નિયમો વધુ પારદર્શિતા, સર્વસામાન્યતા અને ન્યાયી પ્રાપ્તિના હેતુ સાથે જારી કરવામાં આવ્યા હતા. આ ડ્રાફ્ટના નિયમોમાં સમાવિષ્ટ ન હોય તેવા મામલાઓ–વૈવાહિક બાબતો અને તે પછી ઉદ્‌ભવતા ટ્રાન્સફર અરજીઓ, જાતિય ગુનાઓ અને ભારતીય દંડ સંહિતાની કલમ 376 (બળાત્કાર) હેઠળની કાર્યવાહી અને મહિલાઓ વિરૂધ્ધ લિંગ આધારિત હિંસા સંબંધિત બાબતો અંગે કાર્યવાહીના લાઈવ સ્ટ્રીમિંગ વિશે અંતિમ નિર્ણય બેચ દ્વારા લેવામાં આવશે અને પાદર્શક ન્યાયિક પ્રક્રિયાના સિંધ્ધાત દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. કોર્ટના રૂમમાં કેમેરા સ્થાપિત કરવામાં આવશે. આ નિયમો મુજબ કોઈપણ સામયે લાઈવ સ્ટ્રીમિંગને રોકવા માટે પિઠાસિન ન્યાયાધિશને રિમોર્ટ કન્ટ્રોલ ડિવાઈસ પ્રદાન કરવામાં આવશે.

➤ **કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી (PMAY-U) અંતર્ગત 3.61 લાખ મકાનોના નિર્માણને મંજૂરી આપી છે.**

કેન્દ્રીય મંજૂરી અને દેખરેખ સમિતીની 54મી બેઠક દરમિયાન કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના–શહેરી (PMAY-U) હેઠળ 3.61 લાખ મકાનો બાંધવાની 708 દરખાસ્તોને મંજૂરી આપી છે. આ બેઠકમાં 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ભાગ લીધો હતો. આ તમામ મકાનો ‘બેનિફિસરી બેઝ્ડ કન્સ્ટ્રક્શન’ અને ‘એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશિપ વર્ટીકલ’ની તર્જ પર બનાવવામાં આવશે. આ મિશન અંતર્ગત કુલ રોકાણ રૂ.7.35 લાખ કરોડ છે. આવાસ અને શહેરી બાબતનું મંત્રાલય આ મિશનનો અમલ કરી રહ્યું છે. જે શહેરી આવસની અછતની સમસ્યાને પહોંચી વળવા માટે જૂન 2015માં શરૂ કરાઈ હતી. આ યોજના હેઠળ વર્ષ 2022 સુધીમાં યોગ્ય શહેરી પરિવારોને પાક્કા મકાનો પુરા પાડવાની માંગ છે.

➤ **Costs of Climate Change in India Report**

તાજેતરમાં Costs of Climate Change in India રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ભારતના GDPમાં ઘટાડો થશે. લંડન સ્થિત વૈશ્વિક થિંક ટેન્ક ઓવરસીઝ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ દ્વારા આ અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે. આ અહેવાલમાં હવામાન સંબંધિત જોખમોની આર્થિક કિંમત અને ભારતમાં અસમાનતા અને ગરીબી વધવાની સંભાવનાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અહેવાલ મુજબ હવામાન પલટાની અસર ભારતના અર્થતંત્ર પર પડશે. 2100 સુધીમાં ભારત તેના GDPના 3 થી 10 ટકા ગુમાવી શકે છે. આ ઉપરાંત ગરીબી દર પણ વધીને 5 ટકા થઈ શકે છે.

➤ **RBIએ ATM કેશ ઉપાડના નિયમોમાં ફેરફાર કર્યા**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ATM માંથી રોકડ ઉપાડને લઈને કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા છે. જૂન 2019માં રચાયેલી ચીફ એક્ઝિક્યુટિવની ભલામણોને આધારે ફેરફાર કરવામાં આવ્યા છે. બેંકના ગ્રાહકો હવે તેમની બેંકના ATM માંથી દર મહિને પાંચ મફત આર્થિક અને બિન આર્થિક વ્યવહારો કરી શકે છે. જ્યારે અન્ય બેંકના ATM સેન્ટર પરથી ત્રણ મફત આર્થિક અને બિન આર્થિક વ્યવહારો કરી શકે છે. ATM પરના દરેક નાણાકીય ટ્રાન્ઝિક્શન પરની ઈન્ટરચેન્જ ફી ની રકમ રૂ. 15 થી વધારીને 17 કરી હતી. ગ્રાહક દ્વારા ફ્રી ટ્રાન્ઝેક્શન મર્યાદાને બાદ કરતાં બાકીના ટ્રાન્ઝિક્શન પરના કસ્ટમર ચાર્જની રકમને પણ રૂ. 20 થી વધારી 21 કરી છે. જેનો અમલ 1 જાન્યુઆરી 2022 થી થશે.

## વિશ્વ

➤ **બ્રાઝિલે ભારત બાયોટેકની રસી 'COVAXIN'ની આયાતને મંજૂરી આપી**

બ્રાઝિલે તાજેતરમાં ભરતની COVID-19 રસી COVAXINની આયાતને મંજૂરી આપી છે. COVAXIN રસીનું નિર્માણ હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક દ્વારા કરવામાં આવે છે. બ્રાઝિલની આરોગ્ય એજન્સિ દ્વારા તેની મંજૂરી આપી છે. નોંધનિય છે કે બ્રાઝિલ ભારતમાંથી આયાત કરવામાં આવતી રસીનો ઉપયોગ ચોક્કસ સંજોગોમાં કરવામાં આવશે. હાલમાં બ્રાઝિલે ભારતમાંથી COVAXINના 4 મિલિયન ડોઝ આયાત કરવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત બ્રાઝિલે રશિયાની રસી SPUTNIK-V ની પણ મંજૂરી આપી છે. COVAXIN રસીનો અસરકારકતા દર 91% છે.

➤ **Spacexએ રોકેટમાં સ્ક્વિડ અને સુક્ષ્મજીવોને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS) પર મોકલ્યા**

Spacex રોકેટએ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS)માં વૈજ્ઞાનિક પ્રયોગો માટે પુરવઠો સાથે સ્ક્વિડ અને ટાર્ડિગ્રેડ્સ કહેવાતા સુક્ષ્મજીવો મોકલ્યા હતા. ટાર્ડિગ્રેડ્સ (Tardigrades) સુક્ષ્મજીવને 'પાણીના રીંછ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ અત્યાધિક કિરણોત્સર્ગ, ભારે ગરમી અને બ્રહ્માંડના સૌથી ઠંડા તાપમાનમાં તથા ખોરાક વિના દાયકાઓ સુધી જીવી શકે છે. આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન પહોંચ્યા પછી સ્ક્વિડ બેક્ટેરિયાના સંપર્કમાં આવશે તથા પૃથ્વી પર પાછા ન આવે ત્યાં સુધી નમૂનાઓ સાચવવામાં આવશે. આ પ્રયોગ વૈજ્ઞાનિકોને અવકાશમાં લાંબાગાળાના મિશનમાં ભાગ લેનારા અવકાશયાત્રીઓના આરોગ્યને સુરક્ષિત રાખવા તકનીકો વિકસાવવામાં મદદ કરશે.

➤ **રશિયા ઔપચારિક રીતે ઓપન સ્કાઇઝ સંધિ (Open Skies Treaty) થી અલગ થયું**

અમેરિકા વર્ષ 2020માં આ કરારમાંથી અલગ થયા બાદ રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિને તાજેતરમાં 'ઓપન સ્કાઈઝ સંધિ' (Open Skies Treaty) થી અલગ થવાના કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા. ઓપન સ્કાઈઝ સંધિ એ આંતરરાષ્ટ્રીય સંધિ છે. જે રાષ્ટ્રોને પારદર્શિતા વધરવા માટે એક બીજાના સૈન્યદળો વિશે માહિતી એકત્રિત કરવાની મંજૂરી આપે છે. રશિયા પર તેનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા બાદ નવેમ્બર 2020માં અમેરિકા આ સંધિમાંથી ખસી ગયું હતું. સોવિયત સંઘના વિસર્જન પછી 1992માં ઓપન સ્કાઈઝ સંઘી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સંધિ પર નાટોના સભ્યો અને પૂર્વ વારસા સંધિ દેશો વચ્ચે હસ્તાક્ષર થયા હતા. વર્ષ 2002માં 35 થી વધુ દેશોએ આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત આ સંધિનો સભ્ય દેશ નથી.

## ICE Questions

➤ બ્રાઝિલે ભારતની કઈ કોવિડ રસીની આયાતને મંજૂરી આપી છે ? – COVAXIN

➤ તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'જહાં વોટ, વહાં વેક્સિનેશન' અભિયાન શરૂ કર્યું છે ? – દિલ્હી

➤ કઈ સ્પેસ એજન્સી અથવા સંસ્થાએ અંતરિક્ષ સ્ટેશન પર સુક્ષ્મ જીવોને મોકલ્યા છે ? – SpaceX

➤ ગુજરાત સરકારે તાજેતરમાં કયા ક્ષેત્રને એક વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાંથી મુક્તી આપી છે ?

– હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ, અને વોટરપાર્ક

➤ તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ગુજરાત દાદરાનગર હવેલી, દમણ અને દીવ NCC નિર્દેશાલયને 'પ્રતિબધ્ધતાનું પ્રમાણપત્ર' આપ્યું છે ? – વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ–લંડન

➤ વિશ્વ બેંકે ભારતના MSME સેક્ટરને મદદ કરવા ______મિલિયન ડોલરના કાર્યક્રમને મંજૂરી આપી છે.

– 500

➤ ભારતને સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદના કયા સમયગાળા માટે ચૂંટવામાં આવ્યો છે ?

– 2022-24

➤ રશિયા તાજેતરમાં કઈ સંધિની અલગ થયું છે ? – ઓપન સ્કાઈઝ સંધિ

➤ તાજેતરમાં કઈ રેટિંગ એજન્સિએ ભારતના GDPના અંદાજને 11% થી ઘટાડીને 9.5% કયો ? – ક્રિસિલ

➤ તાજેતરમાં કેન્દ્ર સરકારે 'પ્રધાનમંત્રી આવાસ યોજના–શહેરી' અંતર્ગત કેટલા લાખ મકાનોના નિમાર્ણને મંજૂરી આપી છે ? – 3.61 લાખ

➤ કઈ સંસ્થા દ્વારા 'Cost of Climate Change in India' રિપોર્ટ બહાર પાડ્યો છે ?

– વૈશ્વિક થિંક ટેન્ક ઓવરસીઝ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ

➤ ફિલપકાર્ટ કઈ રાજ્ય સાથે 'Medicines From The Sky' પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે ? – તેલંગાણા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. કયા દેશની 'યુનાઈટેડ' સુપરસોનિક એરલાઈન મુસાફરોની ઉડાન શરૂ કરશે ? – અમેરિકા
2. FATFએ તાજેતરમાં કયા દેશને 'Enhanced Follow-up List'માં જાળવવાનું નક્કી કર્યુ છે ? – પાકિસ્તાન
3. SAGE (Senior- Care Aging Growth Engine) કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ?
– સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રાલય
(સામાજિક ન્યાય અને અધિકારકતા મંત્રી શ્રી થાવરચંદ ગેહલોતે SAGE પહેલ વર્ચ્યુઅલ રીતે શરૂ કરી છે. આ ઉપરાંત તેમણે SAGE પોર્ટલ પણ શરૂ કર્યુ હતું)
4. તાજેતરમાં કયા દેશમાં સોલાર સંચાલિત બિટકોઈન માઈનિંગ સુવિધા શરૂ કરાઈ છે ? – અમેરિકા
5. કઈ રાજ્ય સરકાર છત્રપતિ શિવાજી મહારાજના કિલ્લાઓને જિર્ણોદ્ધાર કરાવશે ? – ગોવા
6. કયા રાજ્યમાં 80 એકર જમિનમાં 'ઓક્સિ વન' (Oxi-Van)નું નિર્માણ કરવામાં આવશે ? – હરિયાણા
(હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટરે કરનાલ જિલ્લામાં 80 એકરમાં 'ઓક્સિ–વન' બનાવવાની ઘોષણા કરી હતી. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે તેની ઘોષણા કરવામાં આવી હતી.)
7. તાજેતરમાં ભારત સરકારે કઈ સ્વદેશી કોવિડ-19 રસીના 300 મિલિયન ડોઝનો ઓર્ડર આપ્યો છે. – કોર્બેવેક્સ
8. ભારતીય નૌકાદળનું સૌથી જૂનું હાઈડ્રોગ્રાફિક સર્વે શિપ કયું છે, જેનું તાજેતરમાં જ ડિમોમિશન થયું છે ?
– INS સંધ્યક
(ભારતીય નૌકાદળનું સૌથી જૂનું હાઈડ્રોગ્રાફિક સર્વે વેસલ INS સંધ્યાકને 4 જુલાઈ 2021ના રોજ વિશાખાપટ્ટનમ માં નૌકાદળમાંથી નિવૃત કરવામાં આવ્યું છે. આ જહાજ 40 વર્ષ જૂનું છે. તે શ્રીલંકામાં 'ઓપરેશન પવન' (1987), ઓપરેશન 'માનવતાવાદી સહાય માટે ઈન્દ્રધનુષ' (2004) વગેરે જેવા મહત્વપૂર્ણ કામગીરીનો પણ એક ભાગ રહ્યો છે.)
9. કયું ગામ 100% રસી લેનાર ભારતનું પ્રથમ ગામ બન્યું છે ? – વેયાન(જમ્મુ–કાશ્મીર)
10. તાજેતરમાં કોણે કાર્બન નેનોટ્યૂબનો ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરવાની નવી રીત શોધી છે ?
– MITના એન્જિનિયરોએ
11. તાજેતરમાં શ્રી વિલીપુથુર–મેગામાલાઈ ટાઈગર રિઝર્વ અને વૈગઈ નદી સમાચારમાં રહ્યું હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – તમિલનાડુ
12. કયા રાજ્યએ છત્રપતિ શિવાજી પર 'છત્રપતિ શિવાજી મહારાજ શિવરાજ્યાભિષેક દિવસ' નામની ટૂંકી ફિલ્મ રિલીઝ કરી છે ? – ગોવા
13. કઈ સંસ્થાએ 'Familia'નામનો ડેટાબેઝ લોન્ચ કર્યો છે ? – ઈન્ટરપોલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. તાજેતરમાં કોના દ્વારા 'સુરક્ષિત હમ સુરક્ષિત તુમ' અભિયાન લોન્ચ કર્યુ છે ? – નીતિ આયોગ અને પિરામલ ફાઉન્ડેશન

(તાજેતરમાં નીતિ આયોગ અને પિરામલ ફાઉન્ડેશન દ્વારા 112 મહત્વકાંક્ષી જિલ્લાઓમાં 'સુરક્ષિત હમ સુરક્ષિત તુમ' અભિયાન લોન્ચ કર્યુ છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ એસિમ્પટમેટિક અથવા હળવા લક્ષણો ધરાવતા COVID-19 દર્દીઓને ઘરે સંભાળ અને સહાય કરવામાં જિલ્લા વહીવટી તંત્રને મદદ કરશે)

15. તાજેતરમાં કયો દેશ તેનું પ્રથક સ્ટીલ્થ નૌકા શિપ બનાવી રહ્યું છે ? – રશિયા

(રશિયા તેનું પહેલું નૌકા જહાજ બનાવી રહ્યું છે જે સ્ટીલ્થ ટેકનોલોજીથી સજ્જ હશે. આ યુધ્ધ જહાજ ક્રુઝ મિસાઈલો, તોપખાના અને વિમાનથી સજ્જ હશે. આ ઉપરાંત સબમરીનને શોધી કાઢવા અને નાશ કરવામાં પણ સક્ષમ હશે.)

16. ભારતીય નૌસેનાને ટૂંક સમયમાં _____ દેશમાંથી 3 MH-60 રોમિયો હેલિકોપ્ટર મળશે. – અમેરિકા

17. ભારતના કયા ફુટબોલ ખેલાડીએ આંતરરાષ્ટ્રીય ગોલમાં લિયોનેસ મેસ્સિની બરાબરી કરી છે ? – શ્રી સુનીલ છેત્રી

18. _____ રાજ્યમાં મોનાલની બે પ્રજાતિઓ એક સાથે જોવા મળી છે. – અરૂણાચલ પ્રદેશ

(મોનાલ પક્ષી તીતર પરિવારના વંશ લોફો ફોરસથી સંબંધિત છે. જેમાં નરપક્ષીઓ રંગબેરંગી હોય છે.)

19. કયો દેશ કાનૂની ચલણ તરીકે બિટકોઈનને કાયદેસર રીતે અપનાવનાર પ્રથમ દેશ બન્યો છે ? – અલ સાલ્વાડોર

20. અરાવલી વન ક્ષેત્ર, જ્યાં સુપ્રિમ કોર્ટે તમામ અતિક્રમણને દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો, તે ભારતના કયા રાજ્યમાં સ્તિથ છે ? – હરિયાણા

21. સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદના કેટલા સભ્યો છે ? – 54

22. FBI અને અન્ય એજન્સીઓએ સાથે મળીને વિશ્વમાં એક સાથે 800 ગુનેગારોની ધરપકડ કઈ ઓપરેશન હેઠળ કરી છે ? – Operation Trojan Shield

23. તાજેતરમાં Airbnb, Easemytrip, OYO અને Yattra એ મળીને કયું ઉદ્યોગ સંગઠન સ્થાપ્યું છે ? – CHATT

24. GWEC રિપોર્ટ અનુસાર ભારત કયા વર્ષ સુધીમાં 20 ગીગાવોટ પવન ઉર્જા ક્ષમતા સ્થાપિત કરશે ? – 2025

25. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર દ્વારા 'ઝવેરચંદ મેઘાણી' એવોર્ડ માટે કોની પંસદગી કરવામાં આવી છે ? – શ્રી નરોતમભાઈ પાલણ

26. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર દ્વારા કોને 'હેમુ ગઢવી' એવોર્ડથી નવાઝવાનો નિર્ણય કર્યો છે ? – સુશ્રી કાશીબેન ગોહિલ

27. અમેરિકાએ ગરીબ દેશો માટે કેટલા મિલિયન વેક્સિન ડોઝ આપવાની જાહેરાત કરી છે ? – 500

INSTITUTE FOR COMPETITIVE EXAMS

28. તાજેતરમાં Firmina ચર્ચામાં રહ્યું છે. તે શું છે ? – સમુદ્રી કેબલ

(ગુગલ અમેરિકા, બ્રાઝિલ, આર્જેન્ટિના અને ઉરૂગ્વેને જોડતી વિશ્વની સૌથી લાંબી સમુદ્રી કેબલ બનાવવાની તૈયારીમાં છે. આ કેબલ આ વિસ્તારોમાં ઈન્ટરનેટ કનેક્શનની ક્ષમતામાં વધારો કરશે. જેને ફર્મિના (Firmin) કહેવામાં આવે છે.)

29. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સના સેક્રેટરી જનરલ પદ માટે કોના નામની ભલામણ કરવામાં આવી હતી ?

– શ્રી એન્ટોનિયો ગુટેરસ


30. 'ન્યુ એટલાન્ટિક ચાર્ટર' શું છે ? – 1941ના એટલાન્ટિક ચાર્ટરનું નવું સંસ્કરણ

(અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેન અને બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરીસ જોહન્સન વચ્ચે 10 જૂન, 2021 ના રોજ 'ન્યુ એટલાન્ટિક ચાર્ટર' નામના દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા. જે 1941ના એટલાન્ટિક ચાર્ટરનું નવું સંસ્કરણ છે. )

31. તાજેતરમાં કઈ મંત્રાલયે 'નમસ્તે યોગ' (Namaste Yoga) નામની એપ્લિકેશન શરૂ કરી છે ? – આયુષ મંત્રાલય

32. તજેતરમાં કયા દેશો 'Un Security Council' (UNSC)ના કાયમી સભ્યો તરીકે બિન હરીફ ચૂંટાયા છે ?

– અલ્બેનિયા, બ્રાઝિલ, ગેબોન, ઘાના અને યુ.એ.ઈ

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT